ગાંધીનગર સમાચાર


# મહાત્મા : જેમણે પરાઈ પીડ જાણી...

વિશ્વ આખું ભારતને જેમના નામથી ઓળખે છે અને જેમનો જન્મદિન અહિંસા દિવસ તરીકે ઉજવે છે એ વિરલ વિભૂતિ મહાત્મા ગાંધીજીના જન્મની ૧૫૦મી જન્મજયંતિનો આજથી પ્રારંભ થાય છે, ત્યારે 'ગાંધીનગર સમાચાર' પણ આ ઉજવણીમાં પોતાનું નમ્ર યોગદાન આપી રહ્યું છે.

આજથી એક વર્ષ સુધી ગાંધીજી વિશેની વાતો, ગાંધીજી અંગેના લેખો, ફોટોગ્રાફ્સ, સાહિત્ય અને હકીકતોના માધ્યમથી 'ગાંધીનગર સમાચાર' ગાંધીવિચારોને, ગાંધીમૂલ્યોને પ્રસારિત કરવામાં પોતાનું યાગદાન આપશે. વાચકો, ભાવકો, લેખકોને પણ આ ગાંધીયાત્રામાં જોડાવા હાર્દિક ઈજન છે......

## ગાંધીજીની શબ્દક્રાન્તિ...

- જિંદગીમાં એવી રીતે જીવો કે આવતીકાલે તમે મૃત્યુ પામવાના હો, જિંદગીમાં એવી રીતે શીખો કે તમે હંમેશા માટે જીવવાના હો.
- જિંદગી શૂન્યથી શરૂ થઈ શૂન્ય પર વિરાલ લે છે, હું શૂન્ય બની જવા ઈચ્છું છું.
- આપણી જિંદગીમાં જો જવાબદારીઓ અને જોખમો ન હોય તો જિંદગી કદી પણ જીવવા યોગ્ય ન હોત.
- ચિંતા સમાન શરીરને નાશ કરવાવાળું બીજું કંઈ નથી, જેને ઈશ્વરમાં થોડો પણ વિશ્વાસ છે એને કોઈપણ જાતની ચિંતા કરવાની જરૂરત નથી.
- ભારતની દરેક ચીજ મને આકર્ષિત કરે છે. ભારતમાં એ બધું જ છે જે માનવીને પોતાની ઉચ્ચતમ આકાંક્ષાઓની પ્રાપ્તિ માટે અપેક્ષિત હોય.
- જરા જેટલું અસત્ય પણ માણસનો નાશ કરે છે. જેમ એક ટીપું ઝેર આખા દૂધના તપેલાનો નાશ કરે છે.
- બધાં જ માણસોની જરૂરિયાત માટે જે છે તે પૂરતું છે, પણ એક જ માણસના લોભ માટે તો આ બધું અપૂરતું જ છે.
- તર્ક કેવળ બુદ્ધિનો વિષય છે, હૃદયની સિદ્ધિ સુધી બુદ્ધિ પહોંચી શકતી નથી, જેને બુદ્ધિ માને પણ હૃદય ન માને તે વસ્તુ ત્યજ્ય છે.
- ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને, પોતાની જાતને, ઈશ્વરને અને સત્યને ઓળખીએ.
- સામા પક્ષને ન્યાય કરવાથી આપણને ન્યાય વહેલો મળે છે.
- અધમણ વિચાર કરતાં અધોળ (દસ ગ્રામ) આચરણ સારું.
- આત્મવિશ્વાસનો અર્થ છે પોતાના કામમાં અતૂટ શ્રદ્ધા.
- મૃત્યુ અલ્પવિરામ છે, પૂર્ણવિરામ નહીં.
- તમે ગમે તેટલા રામનામના જાપ કરો, પણ જો એનાથી આત્મામાં ભાવનો સંચાર ના થાય તો વ્યર્થ છે.
- અહિંસાનો અર્થ છે અનંત પ્રેમ. તેનો અર્થ છે કે કષ્ટ સહેવાની અનંત શક્તિ.
- જેનામાં નમ્રતા નથી આવતી તેઓ વિદ્યાનો સદુપયોગ નથી કરી શકતા. નમ્રતાનો અર્થ અહમભાવનો અત્યંત ક્ષય છે.
- સત્ય એક વિશાળ વૃક્ષ છે. જેમ જેમ એને આપણે સિંચતા જઈશું તેમ તેમ એમાં અનેક ફળો આવતાં નજર આવશે, જેનો કોઈ અંત જ નહીં હોય.
- આપણે માનવતામાંથી વિશ્વાસ કોઈપણ સંજોગોમાં ન ગુમાવવો જોઈએ. માનવતા એક સમુદ્ર છે, જો સમુદ્રનાં થોડાં ટીપાં ગંદાં હોય તો સમગ્ર સમુદ્ર ગંદો ન બની જાય.



## એમનાં લખાણો લોકશિક્ષણ અને લોકજાગૃતિ અર્થે હતાં

ગાંધી મોહનદાસ કરમચંદ (૨-૧૦-૧૮૬૯, ૩૦-૧-૧૯૪૮) : આત્મકથાકાર, નિબંધકાર, પત્રલેખક, અનુવાદક. જન્મ પોરબંદરમાં. ૧૮૮૭માં રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી મેટ્રિક. શામળાદાસ કૉલેજ, ભાવનગરમાં પહેલું સત્ર પૂરું કર્યા પછી ૧૮૮૮માં લંડન પહોંચ્યા અને ૧૮૯૧ માં બેરિસ્ટર થઈ પાછા ફર્યા. રાજકોટની અને મુંબઈની અસફળ વકીલાત પછી ૧૮૯૩માં આફ્રિકા ગયા. ૧૮૯૪ માં ત્યાંના હિંદીઓના હક્કો માટે નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસની સ્થાપના કરી. સંઘર્ષ દરમિયાન રસ્કિન અને તોલ્સ્તોયના સાદગી અને સ્વાશ્રયના સિદ્ધાંતોને આધારે નવા જીવનપ્રયોગ માટે ૧૯૦૪ માં



ફિનિક્સ આશ્રમ અને ૧૯૧૦ માં તોલ્સ્તોય ફાર્મની સ્થાપના કરી. ૧૯૦૪ થી ૧૯૧૪ સુધી દક્ષિણ આફ્રિકામાં 'ઈન્ડિયન ઓપિનિયન' સાપ્તાહિકનું સંપાદન કર્યું. ૧૯૧૫ માં હિંદ પાછા આવ્યા બાદ એમણે અમદાવાદમાં 'સત્યાગ્રહ આશ્રમની' સ્થાપના કરી. ૧૯૧૭ માં બિહારના ચંપારણમાં ગળીની ખેતી કરતાં હિન્દીઓ માટે એમણે અંગ્રેજો સામે પહેલી લડત આપી. પછી અમદાવાદના મિલમજૂરોની હડતાલને બળ પૂરું પાડ્યું. ૧૯૧૮ માં ખેડા સત્યાગ્રહ આદર્યો. ૧૯૧૯ માં રૉલેટ એક્ટની સામે દેશભરમાં વિરોધસભાઓ અને પ્રાર્થના-ઉપવાસની હાકલ કરી. 'નવજીવન' ને 'યંગ ઈન્ડિયા'નું સંપાદન માથે લીધું. ૧૯૨૦ માં ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસ મારફતે સંપૂર્ણ અસહકારનું આંદોલન શરૂ કર્યું. એ જ વર્ષમાં અસહકારના કાર્યક્રમના ભાગરૂપે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. ૧૯૨૨ માં એમની અંગ્રેજો દ્વારા ધરપકડ થઈ, રાજદ્રોહનો આરોપ મુકાયો, પણ ૧૯૨૪ માં એમને છોડી મુકાયા. ૧૯૨૪-૨૫ દરમિયાન એમણે અસ્પૃશ્યતાનિવારણ અને ખાદી અંગેનું રચનાત્મક કાર્ય ઉપાડ્યું. પછીથી 'હરિજન', 'હરિજનસેવક' ને 'હરિજનબંધુ' વૃત્તપત્રોનું સંપાદન પણ હાથ ધરેલું. ૧૯૨૮ માં બારડોલી સત્યાગ્રહને માર્ગદર્શન આપ્યું. ૧૯૩૦ માં પૂર્ણ સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞા સાથે એમણે મીઠાના સત્યાગ્રહ માટે દાંડીકૂચ આરંભી. ૧૯૩૬ માં અમદાવાદ મુકામે ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના બારમા અધિવેશનના પ્રમુખ રહ્યા. ૧૯૪૨ માં અંગ્રેજોને 'હિંદ છોડો' ની હાકલ કરી. છેવટે ૧૯૪૭ ની ૧૫ મી ઑગસ્ટે ભારત સ્વતંત્ર થયું પણ એમની ઈચ્છા વિરુદ્ધ ભારતના ભાગલા પડ્યા, કોમી રમખાણો ફાટી નીકળ્યાં. અંતે મુસ્લિમો તરફથી એમની સમભાવનીતિથી છંછેડાયેલા ગોડસે નામના એક હિન્દુ મહાસભાવાદીએ દિલ્હીમાં પ્રાર્થના સ્થળ પર એમની હત્યા કરી. ગાંધીજીની રાષ્ટ્રવ્યાપી ચેતનાએ માત્ર ગુજરાતી સાહિત્યને નહીં પરંતુ ભારતનાં અન્ય ભાષાસાહિત્યોને પણ અનુપ્રાણિત કરેલાં છે. એમના વ્યક્તિત્વની અને એમની વિચારધારાની બળવાન અસર હેઠળ અનેક ભાષાઓમાં ગાંધીવાદી સાહિત્યે જન્મ લીધો છે. ગુજરાતી સાહિત્યમાં તો પંડિતયુગનાં ભારઝલ્લાં સાહિત્યમૂલ્યોને અતિક્રમી સાદગી અને સરલતાનાં આમમૂલ્યોને ઝીલનારા ગાંધીપ્રભાવિત સાહિત્યુગને 'ગાંધીયુગ' નામ અપાયું છે; તેમ જ ગાંધીચિંતન અને ગાંધીશૈલીનો પુરસ્કાર થયો છે.

એમનું સાહિત્ય હેતુલક્ષિતા અને લોકહિતની ભાવનાથી પ્રેરિત છે. એમનાં લખાણો મુખ્યત્વે લોકશિક્ષણ અને લોકજાગૃતિ અર્થે હતાં. એમાં અસાધારણ માનવભાવ અને ઉગ્ર આચારનો સંસ્કાર છે. અનેક સામયિકો દ્વારા તેમણે સામાજિક, રાજકીય, નૈતિક, સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક, કેળવણી તેમ જ આરોગ્યવિષયક પ્રશ્નો અંગે પ્રજા સાથે જીવંત સંપર્ક સાધેલો. સત્ય અને અહિંસા એમના જીવનનાં તેમ એમના સાહિત્યનાં ચાલકબળ રહ્યાં છે. એમની મિતાક્ષરતા નોંધપાત્ર છે. પ્રજાના હૃદય સુધી પહોંચનારી એમની ગદ્યશૈલી સરલ પ્રૌઢિનો અને સ્પષ્ટવાહકતાનો અંગીકાર કરીને ચાલે છે. એમણે ગુજરાતી ગદ્યને નવું ચેતન, નવી દિશા આપ્યાં છે.

'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' (૧૯૨૫)માં ફક્ત હકીકતોની સાદીસીધી નોંધ નથી પરંતુ એમાં એમના દક્ષિણ આફ્રિકાના વસવાટ દરમિયાન જે કીમતી અનુભવ થયેલા એનું પાત્રો, સંવાદો, ટીકાટિપ્પણ દ્વારા રસપ્રદ નિરૂપણ છે. એમનું જીવનઘડતર, સત્યાગ્રહો જડેલો પ્રયોગ, રંગદ્વેષ સામેનો એમનો સંઘર્ષ, ત્યાંની ભૂગોળ-બધું એમને હાથે રોચક બનીને ઊતર્યું છે. એમણે દક્ષિણ આફ્રિકાનો ઈતિહાસ કેવી રીતે ઘડયો એનું અહીં તટસ્થ નિરુપણ છે. 'હિંદ સ્વરાજ' (૧૯૨૨)માં એમણે હિંદના સ્વરાજ અંગેની પોતાની કલ્પના રજૂ કરી છે; અને એનાં તમામ પાસાંઓની વિચારણા કરી છે. વિદેશી શાસનને દૂર કરી દેશને મુક્ત કરી, સ્વરાજ લાવી શકાય તો એ કેવું હોવું જોઈએ એનો એમાં એક દેશભક્ત નાયકે દીધેલો ચિતાર છે. લેખકનું ક્રાંતિકારી તત્ત્વજ્ઞાન અહીં બળકટ શૈલીમાં પ્રગટ થયું છે. પુસ્તક વાચક અને લેખકના કલ્પિત સંવાદરૂપે લખાયેલું છે. 'મંગલ પ્રભાત' (૧૯૩૦)માં એમણે આશ્રમ-વાસીઓ માટેનાં વ્રતો પર યરવડા જેલમાંથી ભાષ્ય કરેલાં એનો સંચય છે. દર મંગળવારની પ્રાર્થના માટે અને મંગલભાવના માટે લખાયેલાં આ લખાણોમાં સાદગીયુક્ત સૂત્રશૈલી છે. આધ્યાત્મિક અને નૈતિક જીવનનાં કેટલાંક સૂત્રોનું એમાં વિવરણ છે.

'સત્યાગ્રહનો ઈતિહાસ' ૧૯૩૨માં અધૂરો છોડેલો તેનું પ્રકાશન ૧૯૪૮માં થયું છે. આ ઈતિહાસ કટકે કટકે લખાયેલો ને અધૂરો છે. એમાં સંસ્થાનો વિકાસ-આલેખ આપવાનો પ્રયત્ન છે; સાથે સાથે સત્ય, પ્રાર્થના, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શારીરિકશ્રમ, સ્વદેશી, અસ્પૃશ્યતા, ખેતી, ગોસેવા, કેળવણી, સત્યાગ્રહ ઈત્યાદિ એમના મહત્ત્વના સિદ્ધાંતોની આચારસિદ્ધિનો મૂલ્યાંકનઆલેખ આપવાનો પણ પ્રયત્ન છે. આ ઉપરાંત 'મારો જેલનો અનુભવ' (૧૯૨૧), 'સર્વોદય' (૧૯૨૨), 'યરવડાના અનુભવ' (૧૯૨૫), 'નીતિનાશને માર્ગે' (૧૯૨૭), 'ગીતાબોધ' (૧૯૩૦), 'અનાસકિતયોગ' (૧૯૩૦), 'આરોગ્યની ચાવી' (૧૯૩૨), 'ગોસેવા' (૧૯૩૪), 'વર્ણવ્યવસ્થા' (૧૯૩૪), 'ધર્મમંથન' (૧૯૩૫), 'વ્યાપક ધર્મભાવના' (૧૯૩૭), 'ખરી કેળવણી' (૧૯૩૮), 'કેળવણીનો કોયડો' (૧૯૩૮), 'ત્યાગમૂર્તિ અને બીજા લેખો' (ચો.આ.૧૯૩૮) વગેરે એમના અનેક પુસ્તકો છે. 'પાયાની કેળવણી' (૧૯૫૦), 'સંયમ અને સંતતિનિયમન' (૧૯૫૯), 'સર્વોદયદર્શન' (૧૯૬૪) વગેરે એમનાં લખાણોનાં અનેક મરણોત્તર પ્રકાશનો થયાં છે.

-ચંદ્રકાન્ત ટોપીવાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ. કૉમ પરથી સાભાર

## ગાંધીજીના આત્મકથા વિશે...

જ્યારે પણ ગુજરાતના ગૌરવની વાત આવે ત્યારે 'ગાંધીનું ગુજરાત' એ શબ્દ અચૂક આવે.

પણ આશ્ચર્યની વાત એ છે કે ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' ગુજરાતી કરતા 'સામ્યવાદી' એવા કેરળ રાજ્યમાં વધુ વેચાય છે. આવું કેમ? વિવિધ ભાષાઓમાં અનુવાદિત અને પ્રકાશિત થયેલી ગાંધીજીની આત્મકથાના વેચાણ આંકડા રસપ્રદ છે.

ગાંધીજીએ તેમની આત્મકથા ગુજરાતી ભાષામાં લખી હતી અને તેની પ્રથમ આવૃતિ વર્ષ ૧૯૨૭માં પ્રકાશિત થઇ હતી.

૧૯૨૭ના વર્ષમાં જ ગાંધીજીના અંગત સચિવ મહાદેવભાઈ દેસાઈએ 'સત્યના પ્રયોગો'નો અંગ્રેજીમાં અનુવાદ કર્યો. આ અંગ્રેજી આવૃતિ પણ ૧૯૨૭માં જ પ્રકાશિત કરવામાં આવી.

ગાંધી સાહિત્યના પુસ્તકોનું પ્રકાશન કરતી સંસ્થા નવજીવન ટ્રસ્ટ દ્વારા પૂરી પાડવામાં આવેલી આંકડાકીય માહિતી મુજબ ૧૯૨૭થી આજદિન સુધીમાં (૨૦૧૭ની મધ્ય સુધી) 'સત્યના પ્રયોગો'ની ગુજરાતી આવૃતિની ૬,૧૬,૦૦૦ નકલો વેચાઈ છે.

તેની સરખામણીએ મલયાલમ ભાષામાં ગાંધીજીની આત્મકથા તો ઠેઠ ૧૯૯૭ના વર્ષમાં પ્રકાશિત થઈ પણ ૧૯૯૭થી અત્યાર સુધીમાં (૨૦૧૭ સુધી) ૭,૫૫,૦૦૦ નકલો વેચાઈ ચૂકી છે.

ગુજરાતી ભાષામાં પ્રકાશિત ગાંધીજીની આત્મકથાની પ્રથમ વાર પ્રકાશિત થયાના નેવું વર્ષમાં માત્ર ૬,૧૬,૦૦૦ નકલો વેચાઈ.

જ્યારે મલયાલમ ભાષાની માત્ર બે દાયકામાં જ ૭,૫૫,૦૦૦થી વધુ નકલો વેચાઈ ચૂકી છે. એ જ રીતે 'સત્યના પ્રયોગો'ની તમીલ ભાષામાં ૧૯૯૪માં પ્રકાશિત થયેલી આવૃતિની ૨૦૧૭ સુધીમાં ૬,૮૯,૫૦૦ નકલો વેચાઈ ચૂકી છે.

કેરળ રાજ્યમાં 'પૂર્ણોદયા બુક ટ્રસ્ટ' ગાંધીજીની આત્મકથા દ્વારા ગાંધી વિચારના પ્રચાર-પ્રસારનું કામ કરે છે. આ ટ્રસ્ટના વાઈસ ચેરમેન ટી.આર.એન પ્રભુએ જણાવ્યું છે કે સામ્યવાદી રાજ્યમાં લોકોને ગાંધીજી અને તેમના કાર્યો વિશે જાણવાની ખૂબ ઉત્સુકતા છે. ખાસ કરીને હાલના સમાજના જે પ્રશ્નોના ઉકેલ વિશે ગાંધીજીએ શું કહ્યું છે એ જાણવામાં ખૂબ રસ છે. વળી અમે શાળાઓ અને કૉલેજોમાં જઈ ગાંધીજીની આત્મકથા પર વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરીએ છીએ. તેના વિશે ચર્ચા કરીએ છીએ. આ બધી પ્રવૃત્તિને કારણે લોકો ગાંધીની આત્મકથા ખરીદવા અને વાંચવા તરફ વળ્યા છે.

નવજીવન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી વિવેક દેસાઈ જણાવે છે કે અન્ય ભાષાઓની સરખામણીએ ગાંધીજીની આત્મકથાનું ગુજરાતીમાં થતું વેચાણ પ્રમાણમાં ઓછું કહી શકાય. કેરળ રાજ્યમાં સાક્ષરતાની સાથે સાથે વ્યક્તિગત વાંચનરસ અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા ગાંધી વિચારની સાથે આત્મકથાનો પ્રચાર-પ્રસાર પણ કારણ હોઈ શકે. કેરળમાં ઘણા કુટુંબો લગ્નપ્રસંગે કંકોત્રીની સાથે સાથે ગાંધીની આત્મકથાની ભેટ આપે છે.... ગાંધીજીએ તેમના જીવનકાળ દરમિયાન ઘણું લખ્યું છે અને તેમના લખાણોનાં પુસ્તકરૂપે સંપાદન થયા છે પણ તેમના જીવન અને વિચારને સમજવા માટે ગાંધીજીના ત્રણ પુસ્તકો મુખ્ય ગણાય છે. 'સત્યના પ્રયોગો', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' અને 'હિંદ સ્વરાજ'.

"મધ્યપ્રદેશ સરકારની હિંદી ગ્રંથ અકાદમીએ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૬ એમ બે વર્ષ દરમિયાન 'સત્યના પ્રયોગો'ની કુલ એક લાખ નકલો ખરીદી હતી અને કોલેજના વિદ્યાર્થીઓમાં વિનામૂલ્યે વહેંચી હતી."

આ સિવાય કોઈ રાજ્ય સરકાર દ્વારા નવજીવન ટ્રસ્ટ પાસેથી સત્યના પ્રયોગોની સીધી ખરીદી કરી હોય એવા પ્રસંગો આવ્યા જ નથી.

નવજીવન ટ્રસ્ટ દ્વારા કુલ પંદર ભારતીય ભાષાઓમાં 'સત્યના પ્રયોગો' પ્રકાશિત કરવામાં આવે છે. કુલ ૩૧ વિદેશી ભાષાઓમાં ગાંધીજીની આત્મકથા પ્રકાશિત થઈ છે. વિશ્વની જાણીતી - પ્રસિદ્ધ આત્મકથાઓમાં ગાંધીજીની આત્મકથાનો સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં વિવિધ ભારતીય ભાષાઓમાં આત્મકથાની કુલ ૫૪ લાખ ૪૮ હજાર જેટલી નકલો નવજીવન ટ્રસ્ટ દ્વારા વેચાઈ છે.

## આ આપણા ગાંધીજી...

- મહાત્મા ગાંધી તેમના બાળપણમાં અત્યંત શરમાળ હતા. ૧૦ વર્ષની ઉંમર પછી તેમણે ઘણી શાળાઓ બદલી. તેની પરીક્ષા પરિણામ ૪૦-૫૦% વચ્ચે હતું. એટલું જ નહીં, તેઓ શાળામાંથી ભાગી જતા હતા જેથી તેઓને કોઈની સાથે વાત ન કરવી પડે.
- મહાત્મા ગાંધીનો શ્રેષ્ઠ મિત્ર ઉચ્ચ શાળામાં મુસ્લિન હતા. તેમજ તેમના વડા માસ્ટર પારસી હતા. તેની શાળાનું નિર્માણ એક નવાબ દ્વારા કરવામાં આવ્યું હતું. આ રીતે ગાંધીજીનું બાળપણ ઘણા ધર્મો વચ્ચે પસાર થયું અને તેનો પ્રભાવ તેમના જીવન પર રહ્યો.
- મહાત્મા ગાંધીએ દાંડી યાત્રા પહેલા પણ પદયાત્રા કરી હતી. ઈંગ્લેંડમાં કાયદાના અધ્યયન દરમિયાન, તેને દરરોજ ૮ થી ૧૦ કિલોમીટર ચાલવું પડતું હતું. એવું કહેવામાં આવે છે કે આ કારણે ગાંધીજીને પદયાત્રા કરવામાં મુશ્કેલી ક્યારેય ન થઈ.
- ૧૯૩૧માં ઈંગ્લેન્ડની સફર દરમિયાન, મહાત્મા ગાંધીએ રેડિયો પર અમેરિકામાં પ્રથમ વખત ભાષણ આપ્યું હતું. તેમણે રેડિયો પર પહેલો શબ્દ આપ્યો કે 'મારે તેનામાં (માઈક્રોફોનમાં) બોલવું પડશે? (મારે આ વસ્તુમાં બોલવું પડશે?)
- એવું કહેવામાં આવે છે કે એકવાર તેમનું જૂતું ચાલતી ટ્રેનથી નીચે પડી ગયું. તેમણે તરત જ ટ્રેન નીચે તેના બીજું જૂતું ફેંકી દીધું. ત્યાં હાજર લોકોના પૂછવા પર તેઓએ કહ્યું કે "એક જૂતું મારાય કશા કામનું નહોતું કે નહોતું બીજા કોઈના કામનું. હવે ઓછામાં ઓછું એક વ્યક્તિ તો બંને જૂતાં પહેરી તો શકશે.'
- મહાત્મા ગાંધી સમયના પાબંદ હતા. તેઓ હંમેશા તેની સાથે એક ઘડિયાળ રાખતા હતા. તેમની હત્યાના થોડા સમય પહેલાં, તે આ હકીકત વિશે ખૂબ જ પરેશાન હતા કે તે પ્રાર્થનાસભામાં ૧૦ મિનિટ મોડીથી પહોંચ્યા હતા.
- મોહનદાસ કરમચંદ ગાંધીને રાષ્ટ્રના પિતાની ઓળખ સુભાષ ચંદ્ર બોઝ આપી હતી.
- મહાત્મા ગાંધીએ તેમની આત્મકથા ગુજરાતી ભાષામાં લખી.
- ગાંધીજીએ દક્ષિણ આફ્રિકા પ્રવાસ દરમિયાન ૧૮૯૯ના એંગ્લો બોએર યુદ્ધમાં સ્વાસ્થ્ય કર્મચારીના રૂપમાં મદદ કરી હતી. બીજી બાજુ તેમણે યુદ્ધની વિભિષિકા જોઈ હતી અને અહિંસાના રસ્તા પર ચાલી પડ્યા હતા.



- ગાંધીજીનું સિવિલ રાઈટ્સ આંદોલન કુલ ૪ મહાદ્વીપો અને ૧૨ દેશો સુધી પહોચ્યું હતું.
- દુનિયામાં મહાત્મા ગાંધીના આદરને એ વાતથી સમજી શકાય છે કે જે દેશ વિરુદ્ધ ભારતને આઝાદી અપાવવા માટે તેમણે લડાઈ લડી, તેમણે જ તેમના સન્માનમાં ટપાલ ટિકિટ રજુ કરી. જી હા બ્રિટને તેમના નિધનના ૨૧ વર્ષ પછી તેમના નામની ટપાલ ટિકિટ રજુ કરી.
- ભારતમાં નાના રસ્તાઓને છોડી દો તો કુલ ૫૩ મોટા રસ્તા મહાત્મા ગાંધીના નામ પર છે. જ્યારે કે વિદેશમાં કુલ ૪૮ રસ્તા તેમના નામ પર છે.
- ગાંધીએ સાઉથ આફ્રિકાના ડર્બન, પ્રિટોરિયા અને જોહાંસબર્ગમાં કુલ ત્રણ ફુટબોલ ક્લબ સ્થાપિત કરવામાં મદદ કરી હતી.
- મહાત્મા ગાંધીની અંતિમયાત્રા ૮ કિલોમીટર લાંબી હતી.
- ૧૩ વર્ષની વયમાં ગાંધીજીના લગ્ન તેમનાથી એક વર્ષ મોટા કસ્તૂરબા ગાંધી સાથે થયા. લગ્ન સાથે સંબંધિત પ્રથાઓને પૂર્ણ કરવામાં એક વર્ષ લાગી ગયું અને આ કારણે જ તેઓ એક વર્ષ સુધી શાળામાં ન જઈ શક્યા.
- શાંતિ નોબલ પુરસ્કાર ગાંધીજીને અત્યાર સુધી મળ્યો નથી જ્યારે કે તેઓ એ માટે ૫ વાર નોમિનેટ થઈ ચુક્યા છે. એવું કહેવાય છે કે ગાંધીજીને ૧૯૪૮માં નોબેલ પુરસ્કાર આપવા માટે ચૂંટવામાં આવ્યા હતા, પરંતુ અગાઉ તેમની હત્યા કરવામાં આવી હતી. નોબેલ કમિટી 'જીવિત' વ્યક્તિને જ આ પુરસ્કાર આપતી હોવાથી તે ગાંધીજીને મળી શક્યો ન હતો.

